**<u>રે.દિ.મુ.નં.–૩૬૬/૨૦૦૪.</u>**

## –– :: <u>આંક–૫૩ લગત હુકમ</u> :: ––

૧. અરજી વંચાણે લીધી તથા આંક–૫૪ થી અરજી સામે રજુ થયેલ જવાબ વંચાણે લીધો. વાદી તરફે વિધ્વાન વકીલશ્રી ડી.એલ. મીઠાણીને તથા પ્રતિવાદી તરફે વિધ્વાન વકીલશ્રી એચ.એસ. દેસાઈને સાંભળ્યા.

૨. વાદી તરફે હાલની અરજી સી.પી.સી. ઓર્ડર–૬ રુલ–૧૭ અન્વયે ચાલતાં દાવાએ પ્રતિવાદીઓએ કરેલ ફેરફાર અંગે દાવા અરજીની દાદમાં વધારો કરવા માટે આપેલ છે. જે અરજી અન્વયે દલીલમાં જણાવેલ છે કે, સદર દાવાનાં કામે નામદાર ડીસ્ટીકટ કોર્ટ તરફથી માપણી થયેલ, જે માપણી અંદાજે સવા વીઘા એટલે કે ૧૮૪૫ ચો.મી. જમીનની પ્રતિવાદીએ પેશકદમી કર્યા બાબતનું માપણીશીટ રજુ થયેલ છે. આમ, જે હકીકત વાદી યુનિવર્સીટીનાં ધ્યાન ઉપર આવેલ હોય કોઈ ટેકનીકલ તકરાર ન રહે, તેમજ ચાલુ દાવાએ બદલાયેલા સંજોગો હોય, દાવા અરજીમાં પેરા–૯ પછી ૯(અ) અરજીનાં જણાવ્યા મુજબ તથા દાવા અરજી પેરા–૧૨ માં દાદ (અ) ની નીચે (અ–૧) માં અરજીમાં જણાવ્યા પ્રમાણેની દાદ ઉમેરવા હાલની અરજી કરેલ છે અને જેમાં મુખ્યત્વે દાવાનાં કામે કબજાની દાદનો સ્પષ્ટ ઉલ્લેખ ન હોય, ચાલુ દાવાએ કરેલ પેશકદમીવાળી જમીનનાં કબજા પર પ્રતિવાદીઓનો હકક–અધિકાર નથી અને તે કબજો પરત મેળવવા માટેની દાદ છે, તેમજ દાવાવાળી જમીનની નામદાર ડીસ્ટીકટ કોર્ટ દવારા કરાવવામાં આવેલ માપણી અન્વયે, માપણી શીટમાં દર્શાવ્યા મુજબ ૧૮૪૫ ચો.મી.નો કબજો જો પ્રતિવાદી ઓનો માનવામા આવે તો, તે કબજો પ્રતિવાદીઓ પાસેથી ખાલી કરાવી વાદીને સોંપવા માટેની દાદનો સુધારો માંગેલ છે, તેમજ દલીલનાં સમર્થનમાં ચાલુ દાવાનાં કામે ફેરફાર થયેલ હોય, ઓર્ડર–૬ રુલ–૧૭ અન્વયે હાલની અરજી ગ્રાહય થવાપાત્ર છે. તેમજ આ પ્રકારની અરજીમાં અદાલતે હાઈપર ટેકનીકલ રહેવું ન જોઈએ. જેથી હાલની અરજી મંજુર થવા માટે દાદ માંગેલ

છે અને જે અન્વયે દલીલનાં સમર્થનમાં તેઓએ ચૂકાદો રજુ કરેલ છે, જે નીચે મુજબ છે :–

**૧: રઘુ થીલક ડી. જોહન–વિ.–એસ.રાયપ્પન અને બીજા ૨૦૦૧(૨) જી.એલ.એચ. ૨૦૯**

વધુમાં દલીલમાં જણાવેલ છે કે, અરજીમાં જણાવ્યા મુજબનો સુધારો કરવાથી દાવાનો પ્રકાર કે દાવાનાં કારણનો પ્રકાર બદલાતો નથી.

જયારે પ્રતિવાદી તરફે વિધ્વાન વકીલશ્રીએ તેઓની દલીલમાં આ દાવાનાં કામે તા.૧૯–૮–૧૩ નાં રોજ આંક–૪૮ થી મુદ્દા ઘડવામાં આવેલા છે. એટલે કે હાલની અરજી ટ્રાયલ શરુ થઈ ગયા બાદ આપવામાં આવેલ છે. તે સંજોગોમાં ઓર્ડર–૬ રુલ–૧૭ મુજબ, ટ્રાયલ શરુ થઈ ગયા પછી સુધારા માટેની અરજી સામાન્ય સંજોગોમાં મંજુર કરી શકાય નહીં. સિવાય કે, કોર્ટ એવા નિર્ણય ઉપર આવે કે યોગ્ય કાળજી રાખવા છતાં પક્ષકાર, ટ્રાયલનાં આરંભ પહેલાં બાબત ઉભી કરી શકેલ ન હતો. આ કામે સદર દાવાનાં કામે મુદ્દા ઘડાય ગયેલ હોય, ટ્રાયલ શરુ થઈ ગયેલ છે, તેમજ જે પ્રકારની અરજીમાં સુધારાની દાદ માંગેલ છે તે મુખ્યત્વે ગોળગોળ અને અસ્પષ્ટ છે, તેમજ જો અદાલત દબાણ માને તો તે પ્રકારનાં શબ્દો ઉલ્લેખાયેલા છે. વધુમાં મુખ્યત્વે કબજાની માંગણી કરેલી છે. જે કબજો દાવો દાખલ કરતાં સમયે કે જે દાવાની મુખ્ય દાદ દાવા અરજી પેરા–૧૨ મુજબની દાદ જોતાં, પ્રતિવાદીઓએ દબાણ કરેલ છે તે દબાણ ખુલ્લું કરાવવા માટે આજ્ઞાકારી મનાઈહુકમ માંગેલ હોય, ત્યારે પોતે પ્રતિવાદી એ દબાણ કરેલાનાં ચોકકસ હેતુ માટે દાવો લાવેલ હોય, તેમછતાં તેઓએ કબજાની દાદ જે તે સમયે જતી કરેલ હોય, હાલનાં સમયે આ પ્રકારની દાદ માંગી શકે નહીં, તેમજ ઓર્ડર–૬ રુલ–૧૭ ની જોગવાઈ મુજબ પણ,

હાલની અરજી ટકવાપાત્ર ન હોય અરજી નામંજુર કરવી જોઈએ. તેઓએ તેમની દલીલનાં સમર્થનમાં નીચે મુજબનાં ચૂકાદા રજુ કરેલ છે :–

**૧: દિપકકુમાર ત્રિકમલાલ પટેલ થ્રુ: પાવર ઓફ એટર્ની અને બીજા –વિ.–વનલીલાબેન દિપકકુમાર પટેલ થ્રુ: પાવર ઓફ એટર્ની ગીરીશ જોઈતારામ પટેલ ૨૦૦૯ લો સ્યુટ (ગુજરાત) ૯૧૪.**

**૨: અજેન્દ્રપ્રસાદજી એન. પાંડે અને બીજા–વિ.–સ્વામી કેશવપ્રકાશદાસજી એન.અને બીજા એ.આઈ.આર. ૨૦૦૭ સુપ્રીમ કોર્ટ ૮૦૬**

૩. બંને પક્ષની દલીલો સાંભળી, તેમજ બંને પક્ષે રજુ થયેલ ચૂકાદાનાં સિધ્ધાંત માનપૂર્વક વાંચી ગયેલ છું. વાદી તરફે તેઓની દલીલમાં આ પ્રકારની અરજીમાં અદાલતોએ ઉદાર અભિગમ અપનાવવો જોઈએ અને હાઈપર ટેકનીકલ થવું ન જોઈએ તે મુજબની દલીલ કરેલ છે, પરંતુ સીવીલ પ્રોસીઝર કોડમાં ઓર્ડર–૬ રુલ–૧૭ ની જોગવાઈ ધ્યાને લેતાં અત્રે તે વંચાણે લેવું જરુરી જણાય છે, જે નીચે મુજબ છે :–

> "**પ્લીડીંગનો સુધારો :**–કોર્ટ પોતાને એવી ખાતરી થાય કે, દાવો માંડયા પછી નવી હકીકતો અસ્તિત્વમાં આવી છે બેંમાથી કોઈપણ પક્ષકારને તેના પ્લીડીંગમાં જરુરી સુધારા કરવા ફેરફાર કરવાની અથવા સુધારવાની છુટ આપી શકશે.
>
> પરંતુ ટ્રાયલ શરુ થયા પછી સુધારા માટેની અરજી કરી શકાશે નહીં, સિવાય કે, કોર્ટ એવા નિર્ણય ઉપર આવે કે યોગ્ય કાળજી રાખવા છતાં પક્ષકાર, ટ્રાયલનાં આરંભ પહેલા બાબત ઉભી કરી શકતો ન હોય."

ઓર્ડર–૬ રુલ–૧૭ મુજબ, કોઈપણ પક્ષકારને દાવો માંડયા પછી નવી હકીકતો અસ્તિત્વમાં આવે તો પ્લીડીંગમાં જરુરી સુધારા–વધરા કરવા ફેરફાર કરવાની છુટ આપી શકાય. પરંતુ ટ્રાયલ શરુ થયા પછી અરજી કરી શકાય નહીં, સિવાય કે, ટ્રાયલ પહેલાં તે હકીકત તેની જાણમાં કે ઉભી થયેલ ન હતી. આમ, ઉપરોકત જોગવાઈ મુજબ ટ્રાયલ શરુ થયા બાદ સુધારો કરવા માટે પક્ષકારે યોગ્ય કાળજી રાખવા છતાં ટ્રાયલનાં આરંભ પહેલા બાબત ઉભી કરી શકયો ન હતો તે પ્રકારે કરવાની રહે છે. હાલનાં દાવાનાં કામે મુદ્દા તા.૧૯–૮–૧૩ નાં રોજ ઘડવામાં આવેલા છે. જયારે હાલની અરજી તા.૫–૧૦–૧૩ નાં રોજ આપવામાં આવેલ છે, તેમજ આ કામે પ્રતિવાદી તરફે વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલનાં સમર્થનમાં રજુ કરેલ **દિપકકુમાર ત્રિકમલાલ પટેલ થ્રુઃ પાવર ઓફ એટર્ની અને બીજા –વિ.–વનલીલાબેન દિપકકુમાર પટેલ થ્રુઃપાવર ઓફ એટર્ની ગીરીશ જોઈતારામ પટેલ, ૨૦૦૯ લો સ્યુટ (ગુજરાત) ૯૧૪** નાં ચૂકાદામાં ટ્રાયલનો આરંભ કયારે કહી શકાય તેઓ ઉલ્લેખ છે. જયારે મુદ્દા ઘડાય ગયા હોય ત્યારે ટ્રાયલનો આરંભ કહી શકાય. આ કામે વાદીની દાવા અરજી જોતાં, જે તે સમયે દાવાનાં કામે પેરા–૧૨(ક) માં પ્રતિવાદીઓએ દોઢ વીઘા જેટલું વાદીની જમીનમાં દબાણ કરેલાનું અને તે પ્રતિવાદીઓ દૂર કરે તેવા આજ્ઞાકારી મનાઈહુકમની દાદ માંગેલ છે, ત્યારે વાદી દાવા તારીખે પ્રતિવાદીઓએ તેઓની જમીનમાં દબાણ કરેલાનો કેસ લઈને આવેલા હોય, ત્યારે તે દબાણ દૂર કરીને કબજો મેળવવાની દાદ જે તે સમયે દાવા તારીખે માંગેલ નથી અને દાદ જતી કરેલ હોય, ત્યારે સી.પી.સી. ઓર્ડર–૨ રુલ–૨ નો પણ બાધ નડે છે. અત્રે સી.પી.સી. ઓર્ડર –૨ રુલ–૨ પણ વંચાણે લેવો જરુરી જણાય છે, જે નીચે મુજબ છે :–

"(૨) **હકદાવાનો ભાગ છોડી દેવા બાબત.** જયારે વાદી પોતાના હકદાવાનાં કોઈ ભાગ વિશેનો દાવો કરવાનું રહેવા દે, અથવા તે ભાગ ઈરાદાપૂર્વક છોડી દે, ત્યારે એ પ્રમાણે રહેવા

દીધેલા અથવા છોડી દીધેલા ભાગ વિશેનો દાવો વાદી પાછળથી લાવી શકશે નહીં.''

આમ, જે તે સમયે વાદીએ દાવા અરજીમાં પ્રતિવાદીઓએ તેમની જમીનમાં દબાણ કરેલાનો કેસ લઈને આવેલ હોય, ત્યારે તે દબાણ ખુલ્લું કરાવવાની દાદ માંગેલ છે, પરંતુ તે ખુલ્લું કરાવી કબજો મેળવવાની દાદ માંગેલ નથી. આમ, વાદીની જાણમાં તથા નોલેજમાં હોવા છતાં તે દાદ જે તે સમયે માંગેલ નથી ત્યારે ચાલુ દાવે ઉપરોકત હકીકત ઉત્પન્ન થયેલાની વાદીની દલીલ ટકવાપાત્ર નથી, તેમજ વાદી જે માપણીશીટ ઉપર આધાર રાખે છે, જે નામદાર ડીસ્ટીકટ કોર્ટમાં ચાલુ અપીલનાં કામે કરવામાં આવેલ અને જેની ઉપર વાદી તરફે તેને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડકારેલ નથી તેને પણ સમય થયો છે અને ત્યારબાદ મુદ્દા ઘડવામાં આવેલા છે. ત્યાં સુધીમાં આ પ્રકારની અરજી આપવામાં આવેલ નથી, પરંતુ ત્યારબાદ તા.૫–૧૦–૧૩ નાં રોજ આપવામાં આવેલ છે. વધુમાં તે માપણી શીટ અન્વયે પ્રતિવાદીનાં વકીલશ્રીએ તેઓની દલીલમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે તે માપણી સ્પે.સી.એ. નં.–૧૧૦૪૬/૦૯, તા.૨૦–૨–૧૩ નાં હુકમથી માપણીશીટ અંગેનો હુકમ રદ કરી, દાવો ગુણદોષ ઉપર નકકી કરવાનો હુકમ કરેલ છે અને તે કહેવાતી શીટનાં આધારે કલેવર ડ્રાફટીંગ કરી દાદ માંગેલ છે તે ગ્રાહય રાખવાપાત્ર નથી તે દલીલ તથા તે દલીલનાં સમર્થનમાં રજુ કરેલ ચૂકાદા જોતાં, વાદી તરફે હાલની અરજી ટ્રાયલનાં આરંભ બાદ તેમજ જે પ્રકારની દાદ માંગેલ છે, જે તેઓને દાવા તારીખે તેઓની જાણમાં અને નોલેજમાં હોવા છતાં, જે તે સમયે માંગેલ ન હોય તેમજ જયારે સી.પી.સી. ઓર્ડર–૬ રુલ–૧૭ ની જોગવાઈઓ મુજબ ટ્રાયલનો આરંભ થયા પછીની હાલની અરજી ગ્રાહય રાખવાપાત્ર થતી નથી અને આ કામે પ્રતિવાદી તરફે **અજેન્દ્રપ્રસાદજી એન. પાંડે અને બીજા– વિ.– સ્વામી કેશવપ્રકાશદાસજી એન.અને બીજા, એ.આઈ.આર. ૨૦૦૭ સુપ્રીમ કોર્ટ ૮૦૬** નો ચૂકાદો રજુ થયેલ છે, સદર ચૂકાદાની હકીકત

હાલની અરજીની હકીકતને લાગુ પડે છે તે જોતાં વાદીની અરજી નામંજુર કરવાના નિર્ણય પર આવતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુ ક મ</u> :–**

૧: હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨: ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આજરોજ તારીખઃ ૨૪ મી માહેઃ ઓકટો. સનેઃ ૨૦૧૩ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. જુનાગઢ.
તા.૨૪–૧૦–૧૩.

**(બી.સી. ઠકકર)**
પાંચમા એડી.સિનીયર સીવીલ જજ
જુનાગઢ.

રે.દિ.મુ.નં.–૩૬૬/૦૪.